## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**મિચ્છામી-દૂક્કમ... ક્ષમાયાચના સાથે... અત્રે પ્રસ્તુત કાર્ટૂન ફક્ત આપણી આસપાસ બનતી ઘટનાને હળવાશથી હાસ્યસભર બનાવવાના પ્રયાસરૂપ હોય છે... અત્રે મારા કાર્ટૂનથી કોઈ એક વર્ગની લાગણી ક્ષતિ થયેલ છે... જેને દરગુજર કરશોજી...!!!**

# હું જીતીશ તો પગાર ભથ્થું નહીં લઉં : કરણસિંહ વાઘેલા

**શહેરના સેકટર-૨૪ ચાર રસ્તા પાસે જનવિકલ્પ મોરચાના કાર્યાલયનો શુભારંભ, કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે હજારો કાર્યકતાઓ ઉપસ્થિત રહ્યા**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ચાર રસ્તા,ગ રોડ પાસે વિશાલ કોમ્પલેક્ષ ગાંધીનગર ખાતે આજે ગાંધીનગર ઉતર વિધાનસભા-૩૬ જન વિકલ્પ મોરચા અને ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર કરણસિંહ વાઘેલાના કાર્યાલયનું સવારે ૧૦ કલાકે ઉદઘાટન ગુજરા રાજય કર્મચારી સંકલન સમિતીના પ્રમુખ વિષ્ણુભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહેન્દ્રસિંહ વાઘેલા, ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીના પ્રદેશ પ્રમુખ સમીર ત્રિવેદી,



કેશરીસિંહ બિહોલા, અમરસિંહ સહિત હજ્જારો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા જનવિકલ્પના ઉમેદવાર કરણસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે છેલ્લા ૨૨ વર્ષથી ભાજપ પક્ષ દ્વારા નગરજનો છેતરાઈ રહ્યા છે. શહેરમાં પ્રજાલક્ષી એકપણ કામ થયું નથી.કોંગ્રેસ પક્ષ દ્વારા પણ કોઈ પણ કામ થયા નથી. પ્રજાજનો ત્રસ્ત થઈ ગયા છે. અત્યાર સુધી પ્રજા પાસે કોઈ વિકલ્પ ન હતો. પરંતુ અત્યારે હાલના સમયે જનવિકલ્પ છે. હું ગાંધીનગરથી ચુંટણી જીતીશ તો પગાર કે અન્ય એક પણ ભથ્થુ નહી લઉં તેવો સંકલ્પ લીધો હતો. શહેરના પ્રાણ પ્રશ્નોને વાચા આપીશ. કોંગ્રેસ પક્ષે હારેલા ઉમેદવારને ટીકીટ આપી છે તો બીજીતરફ ગાંધીનગરમાં ભાજપે કોઈપણ કામ પ્રજાલક્ષી નહીં કર્યું હોવા છતા સીટીંગ ધારાસભ્યને ટીકીટ આપી છે તેવો આક્ષેપ જનવિકલ્પના ઉમેદવારે કર્યો હતો.જેથી નગરજનો કંટાળી ગયા છે બંન્ને રાજકીય પક્ષને નાગરીકો જાકારો આપશે. પ્રજા સમક્ષ ડોર ટુ ડોર પ્રચારમાં જઈએ છીએ ત્યારે જનવિકલ્પને જોરદાર પ્રતિસાદ મળે છે તેમ જણાવી પોતાની વાત પુરી કરી હતી. ત્યારબાદ સેકટર-૨૬માં તેમજ આસપાસના સેકટરોમાં ડોર ટુ ડોર પ્રચાર પણ કર્યો હતો.આગામી સમયમાં જન વિકલ્પ દ્વારા પ્રચાર પ્રસાર વધુ તેજ બનાવવામાં આવશે.





### એનસીપીની બાઈક રેલી યોજાઈ

શહેરના સેકટર-૧૭ ખાતે થી સવારે ૧૦ કલાકે એનસીપીના ઉમેદવાર રોહિત નાયાણીની બાઈક રેલી નીકળી હતી. બાઈક રેલી સ્વરુપે સેકટરોના મુખ્ય માર્ગો તેમજ આંતરીક માર્ગો પર ફરીને મતદારો સુધી પહોંચવા પ્રયાસ કર્યો હતો. બાઈક રેલીમાં ડી.જે.ના તાલે યુવાનો પ્રચાર પ્રસાર કરતા નજરે પડતા હતા. ગાંધીનગર શહેરના વિવિધ સેકટરો તેમજ પેથાપુર સુધી બાઈક રેલી યોજાઈ હતી. આ બાઈક રેલીમાં એનસીપીને પ્રજાજનોનો ભારે પ્રતિસાદ મળ્યો હતો.

# લગ્ન સમારંભોમાં રાજકિય પ્રચારનો રંગ જામવા લાગ્યો

**શહેરમાં અઢળક લગ્નો હોવાથી કોઈપણ પાર્ટીએ જાહેર સભા યોજવાનું ટાળ્યું : ઉમેદવારો તથા નેતાઓએ એકથી વધુ લગ્નસમારંભોમાં હાજરી આપી : દરેક લગ્ન સમારંભોમાં રાજકિય અગ્રણીઓની હાજરી વધુ જોવા મળી**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં લગ્નગાળાની સીઝન પુરબહારમાં ખિલી ઉઠી છે અને આજે રવિવારના દિવસે શહેરમાં અસંખ્ય લગ્નસમારંભોના આયોજનો જોવા મળ્યા હતા. અઢળક સમારંભના આયોજનને પગલે શહેરના માર્ગો પર રજાના દિવસે પણ ચહલપહલ જોવા મળી હતી અને ઠેર ઠેર શણગારેલી જાનની ગાડીઓ પણ પસાર થતી નજરે ચઢતી હતી તો અનેક ઠેકાણે ઢોલ ઢબુકતા સંભળાતા હતા. શહેરમાં વિધાનસભાની ચૂંટણીના પ્રચારમાં પણ હવે ગતિવિધીઓ તેજ થવા પામી છે અને આજે રાજકિય નેતાઓએ ભરપૂર લગ્નસમારંભોનો ઉપયોગ તેમના પરોક્ષ પ્રચાર માટે સિફતપૂર્વક કર્યો હતો. જેના કારણે લગ્ન સમારંભોમાં રાજકિય અગ્રણીઓની હાજરી ઉડીને આંખે વળગે તેવી રહી હતી.

ચૂંટણી પ્રચાર માટે આજે શહેરમાં યોજાયેલા અઢળક લગ્ન સમારંભો પર નેતાઓએ પસંદગી કરી હતી. આજે રવિવાર હોવા છતાં શહેરમાં કોઈ જાહેર સભા યોજવાને બદલે લગ્ન સમારંભોમાં હાજરી આપી મતદાતાઓને પ્રત્યક્ષ મળી પરોક્ષ રીતે પ્રચાર કરવાની તક ઝડપી લેવાનુ ઉમેદવારોએ મુનાસિબ માન્યુ હતુ. આ કારણે આજે શહેરના લગભગ દરેક લગ્ન સમારંભોમાં વિવિધ રાજકિય પક્ષોના અગ્રણીઓની હાજરી જોવા મળી હતી. તથા લગ્નોના જમણવારમાં પણ ચૂંટણીની ગરમાગરમ ચર્ચાઓ થતી સાંભળવા મળતી હતી. શુભ પ્રસંગે હાજરી આપી સંબંધ મજબૂત બનાવવા સાથે આડકતરો ચૂંટણી પ્રચાર કરવાનો કિમિયો લગભગ દરેક રાજકિય પક્ષના ઉમેદવારો તથા અગ્રણી નેતાઓ અને કાર્યકરોએ અજમાવ્યો હતો. આ સાથે એક બીજાની વિરોધ પાર્ટીઓના નેતાઓ પણ લગ્ન સમારંભોમાં હસી-ખુશીથી મળી મીઠાશથી વાતો કરી એકબીજાની સ્ટ્રેટેજી જાણવા પ્રયત્ન કરતા પણ નજરે ચઢ્યા હતા.

# ચિલોડા ખાતે ભાજપ અને કોંગ્રેસના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયોનું ઉદ્‌ઘાટન

**ગુજરાતમાં વિવિધ સમાજના આંદોલનો માત્ર અધિકારોની માંગ પ્રત્યેનો રોષ : રાજબબ્બર**

ચિલોડા, તા. ૩

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા જંકશન મથક ચિલોડા મોટા ખાતે ઉપ-દક્ષિણ વિધાનસભાની બેઠક ઉપર આજે બંને રાષ્ટ્રીય પક્ષો ભાજપ તથા કોંગ્રેસ પક્ષ દ્વારા મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું દબદબાભેર ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. જેમાં કોંગ્રેસ પક્ષના આ બેઠકના યુવા ઉમેદવાર ગોવિંદજી હીરાજી સોલંકીની ઉમેદવારી નોંધાવી છે. ત્યારે ચૂંટણી કાર્યાલય અમદાવાદ રોડ ઉપર કૃષ્ણા હોસ્પીટલ સામે શક્તિ કોમ્પલેક્ષ ખાતે સ્ટાર પ્રચારક રાજબબ્બરના હસ્તે ઉદ્‌ઘાટન કર્યુ હતુ. આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે ભાજપ દ્વારા હું છું વિકાસના સુત્ર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમજ ભાજપ સરકાર સરકારી શાળા કોલેજો-હોસ્પિટલો ગરીબ પરિવારોની સુવિધાને બદલે વ્યાપારીકરણને મહત્વ આપ્યુ છે. જીએસટીના લીધે સુરતના વેપારીઓના ધંધો ઠપ્પ થઈ જતાં ભારે નારાજ થયા છે. ગુજરાતમાં તમામ સમાજના લોકો નારાજગીને લીધે આંદોલનોના સહારે ગયા છે. પોતાના અધિકારોની માંગ એ જ આંદોલનમાં પરિણમ્યો છે. આમ કોંગ્રેસ પક્ષના યુવા ઉમેદવાર ગોવિંદજી સોલંકીને વિજયી બનાવવા પંજાના હાથને મજબુત બનાવવા આહવાન કર્યુ હતુ.

આજ દિવસે ભાજપના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન દહેગામ રોડ પ્રમુખ એલાઈટ કોમ્પલેક્ષ ખાતે ચૂંટણી સંયોજક મહેશ કશવાળા અને હરિયાણા ડેરી વિકાસ સંઘના ચેરમેન જી.એસ. શર્માના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દ. વિધાનસભા બેઠકના ઉમેદવાર શંભુજી ઠાકોર, સી.કે. પટેલ, એસ.પી. ઠાકોર, રમેશભાઈ પટેલ,





● અનુસંધાન પાના - ૫ પર

# બહુજન સમાજ પાર્ટીના ઉમેદવારોએ પ્રચાર તેજ કર્યો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો પર બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર ચુંટણી જંગના મેદાનમાં છે. હવે મતદાનને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ઉમેદવારોએ પોતાનો પ્રચાર પ્રસાર તેજ કરી દીધો છે. ઓછા સમયમાં કેવીરીતે મતદારોના ઘર સુધી પહોંચાય તે વિચારવાનું નક્કી કર્યુ છે. શિયાળાની મૌસમને પગલે ધીમેધીમે ઠંડીનું જોર વધી રહ્યું છે.તો બીજી તરફ રાજકીય ગરમાવો પણ વધી રહ્યો છે. મતદારોને રીઝવવા જાત જાતના કીમીયા અપનાવવામાં આવી રહ્યા છે. શહેરમાં રાજકીય પક્ષોના કાર્યાલયો ધમધમે છે. રાત્રી બેઠકો, ખાટલા પરિષદો તેમજ ગલીએ ગલીએ મીટીંગનો દોર જોવા મળી રહ્યો છે. ઉમેદવારો જેટલા બની શકે તેટલા વધુ મત પોતાના ખીસ્સામાં કેવી રીતે આવે તેની ગોઠવણ કરી રહ્યા છે. ભાજપ-કોંગ્રેસની સાથે બહુજન સમાજ પાર્ટીના પાંચેય ઉમેદવારો તનમનથી ચુંટણી પ્રચારમાં લાગી ગયા છે. ગાંધીનગર ઉતર બેઠકમાં ગોંવિદભાઈ રાઠોડે પ્રચાર તેજ કરી દીધો છે. ડોર ટુ ડોર સંપર્ક કરીને ગોંવિદભાઈ મતદારો સુધી પહોંચી રહ્યા છે. તેવી જ રીતે ગાં.દક્ષિણ, કલોલ, માણસા અને દહેગામ બેઠક પરના ઉમેદવારો પણ મતદાનનો દિવસ નજીક આવતા લોક સંપર્ક વધારી રહ્યા છે. નાગરીકોમાંથી ઉમેદાવરોને પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે.ગાંધીનગર જિલ્લાની બેઠક પર બસપાના ઉમેદવારો રાજકીય પક્ષો માટે નિર્ણાયક સાબિત થાય તેમ લાગી રહ્યું છે.




# રાજકોટ પશ્ચિમ બેઠકે બે મુખ્યમંત્રી આપ્યા છે, વજુભાઈ સાત વખત વિજેતા બન્યા છે!

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત

રાજકોટ પશ્ચિમની બેઠક એ ભાજપનો ગઢ છે. ૧૯૮૫થી આ બેઠક પર ભાજપનો કબજો છે. રાજકોટ પશ્ચિમની આ બેઠકમાં એવો રેકોર્ડ છે કે વજુભાઈ વાળા સતત સાત ટર્મથી જીત્યા છે અને પાર્ટી માટે બે વખત રાજીનામું પણ આપી ચૂક્યાં છે. રાજકોટ બેઠકનો એવો પણ ઈતિહાસ છે કે ૧૯૭૫માં ભાજપ ન હતું પરંતુ તેના સ્થાને જનસંઘ

### કેબિનેટ મંત્રી નિતીન પટેલની મહેસાણા બેઠક ભાજપનો ગઢ છતાં મુશ્કેલીમાં

હતો. ૧૯૭૫ની ચૂંટણીમાં જનસંઘના ઉમેદવાર અરવિંદ મણિયારને ટીકીટ મળી હતી અને તેઓ ચૂંટણી જીતી ગયા હતા. ૧૯૮૫ પછી પાર્ટીએ આ બેઠક વજુભાઈ વાળાને આપી દીધી છે. ૧૯૬૭ની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીના એમ.પી. જાડેજા આ બેઠક પરથી વિજયી થયા હતા. ૧૯૭૨માં કોંગ્રેસના પ્રદ્યુમનસિંહ જાડેજાનો વિજય થયો હતો. અરવિંદ મણિયાર પછી આ બેઠક પરથી ૧૯૮૦માં કોંગ્રેસના મણીભાઈ રાનપરા વિજયી થયા હતા, જ્યારે ૧૯૮૫થી આ બેઠક ભાજપ પાસે છે અને તેમાં વજુભાઈ વાળાનો દબદબો રહ્યો છે. આ બેઠકના બે બાય ઈલેક્શનમાં મુખ્યમંત્રીઓ વિજયી બન્યા છે. ૨૦૦૨ની પેટાચૂંટણીમાં પહેલાં નરેન્દ્ર મોદી અને છેલ્લી પેટા ચૂંટણીમાં વિજય રૂપાણી આ બેઠક પરથી ૨૩૭૪૦ મતની સરસાઈ સાથે જીત્યા છે.

**આપણા નાણામંત્રીને પાટીદારો નડી રહ્યાં છે...**

ઉત્તર ગુજરાતની મહત્વની અને પાટીદાર અનામત આંદોલનમાં પંકાયેલી મહેસાણા બેઠક પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે અત્યંત રસાકસી છે. ભાજપની સરકારના નાણામંત્રી નિતીન પટેલ સામે કોંગ્રેસે સિનિયર નેતા અને પૂર્વ સાંસદ જીવાભાઈ પટેલને મેદાનમાં ઉતાર્યા છે.

### ધ ગ્રેટ ગેમ્બલર-કોંગ્રેસનો રાજકીય જુગાર ફળશે તો ચમત્કાર, નહીં તો નામોશી

૨૦૧૨માં મહેસાણાની બેઠક પરથી નિતીન પટેલ વિજેતા બન્યા હતા. તેમને કુલ ૯૦૧૩૧ મતો મળ્યા હતા જ્યારે તેમના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના નટવર પટેલને ૬૫૯૨૯ મતો મળ્યા હતા. આ બેઠક પર ૭૫.૫૬ ટકા મતદાન થયું હતું નિતીન પટેલ ૨૪૨૦૫ મતોની સરસાઈથી વિજેતા બન્યા હતા. આ બેઠકનો ઈતિહાસ જોઈએ તો ૧૯૬૨માં કોંગ્રેસના શાંતિબેન પટેલ વિજયી બન્યા હતા. ૧૯૬૭માં સ્વતંત્ર પાર્ટીના કે.જે..યાજ્ઞિક આ બેઠક પર ચૂંટણી જીત્યા હતા. ૧૯૭૫ અને ૧૯૮૦માં કોંગ્રેસના ભાવસિંહ ઝાલા, ૧૯૮૧ની પેટા ચૂંટણીમાં કોંગ્રેસના મણિલાલ પટેલ ચૂંટણીમાં વિજયી બન્યા હતા, જ્યારે ૧૯૯૦, ૧૯૯૫ અને ૧૯૯૮માં ભાજપના ખોડાભાઈ પટેલને વિજય મળ્યો હતો. ૨૦૦૨ અને ૨૦૦૭માં અનિલ પટેલ આ બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા અને જીત્યા હતા. નિતીન પટેલની પરંપરાગત બેઠક કડી હતી પરંતુ ડિલિમિટેશનના કારણે કડી અનામત બેઠક બની જતાં પાર્ટીએ તેમને મહેસાણાની બેઠક આપી હતી.

**કોંગ્રેસમાં સેનાપતિની ટીમ છે પણ લશ્કર નથી...**

રાજ્યમાં કોંગ્રેસ ચૂંટણી લડી રહી છે પરંતુ તેમના ઉમેદવારોને જીતાડવામાં વ્યસ્ત રહેતાં આગેવાનોને ભાજપમાં જોડવાનું શરૂ થયું છે. પહેલાં શંકરસિંહ વાઘેલાએ જિલ્લા અને તાલુકા પંચાયતો તોડી છે અને હવે બાકીનું કામ અમિત શાહ કરી રહ્યાં છે. ભાજપના ઉમેદવારો જ્યાં મજબૂત છે ત્યાં કોંગ્રેસના ઉમેદવારોના સમર્થકોને ભાજપમાં લાલચ આપીને પ્રવેશ અપાવાઈ રહ્યો છે. આ સ્થિતિ ચાલુ રહી તો કોંગ્રેસના બાર વાગી જાય તેમ છે. ભાજપ પાસે આવી ૩૦થી વધુ બેઠકો છે કે જ્યાં કોંગ્રેસના ઉમેદવારો ચૂંટણી જીતી શકે તેમ છે ત્યાં ઉમેદવારના સમર્થકોને ભાજપમાં જોડવામાં આવી રહ્યાં છે. મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તરગુજરાતમાં ભાજપે આ યુક્તિ અજમાવી છે અને તેમાં પાર્ટી સફળ બની રહી છે. ભાજપના એક નેતાએ કહ્યું હતું કે કોંગ્રેસના સમર્થકોને ભાજપમાં ભેળવવાથી કોંગ્રેસ મુક્ત ગુજરાત તો બનશે પરંતુ ભાજપ- કોંગ્રેસ યુક્ત બની રહ્યો છે. કોંગ્રેસના એક આગેવાન કહે છે કે જેને ભાજપમાં જવું હોય તે જઈ શકે છે, પરંતુ આ પ્રવેશ માત્ર ચૂંટણી પૂરતો છે. ચૂંટણી પૂર્ણ થયા પછી ભાજપમાં ગયેલા કોંગ્રેસના આગેવાનોની હાલત નરહરિ અમીન અને મહેન્દ્રસિંહ વાઘેલા જેવી થશે.

**કોંગ્રેસ ત્રણ યુવાનોના સહારે, સૌથી મોટો જુગાર છે...**

રાજકીય મહત્વકાંક્ષા નથી તેવું કહીને ગુજરાતમાં મોટા બનેલા ત્રણ યુવા નેતાઓ હાલ તો કોંગ્રેસને સમર્થન આપી રહ્યાં છે પરંતુ તેઓ મતદારોને કોંગ્રેસ પ્રત્યે આકર્ષિ શકે તેવી સંભાવના ધૂંધળી દેખાય છે. પાટીદાર અનામત આંદોલનના કન્વિનર હાર્દિક પટેલ, દલિત નેતા જીજ્ઞેશ મેવાણી અને ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર પૈકી બે યુવા નેતાઓ ચૂંટણીના સીધા મેદાનમાં છે જ્યારે હાર્દિક પટેલ ચૂંટણી લડ્યો નથી. અલ્પેશ રાધનપુરમાં કોંગ્રેસની ટીકીટ ઉપર ચૂંટણી લડી રહ્યા છે. જયારે જીજ્ઞેશ વડગામથી અપક્ષ ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યુ છે. જીજ્ઞેશને કોંગ્રેસનું પુરતું સમર્થન છે. ઉંમર ઓછી ઉંમર હોવાને કારણે હાર્દિક પટેલ ચૂંટણી લડતો નથી પરંતુ તેણે કોંગ્રેસને સમર્થન આપવાનો સંકેત પહેલેથી જ આપી દીધો હતો. આ ખેલમાં હવે સત્તાધારી ભાજપની ચાલ શરૂ થઈ ગઈ છે અને કોંગ્રેસના મનસૂબા પર પાણી ફરી વળે તેવી યુક્તિઓ અજમાવવામાં આવી છે. બીજી તરફ આ ત્રણેય યુવાનો સાથે નજીકનો ઘરોબો રાખવાને કારણે કોંગ્રેસના સેંકડો કાર્યકરોમાં અસંતોષ છે અને તેઓ પાટીદાર ઉમેદવારો માટે કામ કરવા તૈયાર નથી. કોંગ્રેસ માટે ગ્રાઉન્ડ લેવલે કામ કરનાર કાર્યકરોનો ઉત્સાહ તુટી રહ્યો છે અને તેઓ નિષ્ક્રિય થઈ ગયા છે.

**મોદી ગુજરાતમાં આવતા ભાજપને રાહત થઇ છે...**

### બન્ને પાર્ટીના હવાતિયાં: ગુજરાતની ૬૦ બેઠકો પર આદિવાસી મતદારો નિર્ણાયક

ગુજરાતમાં પ્રદેશ ભાજપની ચિંતાઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દૂર કરી છે. મોદીએ ગુજરાતના ચૂંટણી પ્રચારમાં જે સમય ફાળવ્યો છે તેનાથી ઉમેદવારોને રાહત થઈ છે, કારણ કે આ વખતે મોદીના પ્રચાર વિના ભાજપનો વિજય શક્ય ન હતો. મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે જેટલા ઈલેક્શન થયા છે તેમાં ઉમેદવારોને કોઈ ચિંતા ન હતી, કારણ કે મોદી તેમની પડખે ઉભા રહ્યા હતા. કોઈપણ વ્યક્તિ ચૂંટણી જીતી શકતો હતો. આજે એવું નથી. મોદીના સાથ વિના ચૂંટણી જીતવી હાલના ભાજપ માટે કઠીન કામ છે. પાર્ટીના એક સિનિયર વ્યક્તિ કહે છે કે મોદી જો ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરવા ન આવ્યા હોત તો ભાજપે ગુજરાત ચોક્કસ ગુમાવી દીધું હોત પરંતુ તેમની જ્યાં પણ સભાઓ થઈ છે ત્યાં ઉમેદવારોની સ્થિતિ મજબૂત બની છે. આ મોદી ટોનિક છે. મોદી મેઝિક છે. મોદી મેઝિક જ ઉમેદવારોને બચાવી શકે છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓ મોદીના આગમનથી જ ડર અનુભવે છે.

**આદિવાસીઓની ખુદ્દારીનો ઇતિહાસ છે...**

ગુજરાત એ ૩૩ જિલ્લાનું બનેલું રાજ્ય છે. આમ તો ૩૦ જિલ્લામાં આદિવાસી વસતી વધતા ઓછા પ્રમાણમાં જોવા મળે છે પરંતુ ૧૪ જિલ્લા એવા છે કે જે સામાજીક તેમજ રાજકીય રીતે આદિવાસીઓનું પ્રભુત્વ ધરાવે છે તેથી સ્વાભાવિક છે કે આ જિલ્લાઓમાં ભાજપ અને કોંગ્રેસ બન્ને પાર્ટીની નજર હોય. ૧૯૯૫ સુધી આદિવાસી એ કોંગ્રેસની અસલ વોટબેન્ક ગણાતી હતી પરંતુ નરેન્દ્ર મોદીએ ૨૦૦૭ પછી આદિવાસી વિસ્તારમાં ધ્યાન કેન્દ્રીત કરીને આ જિલ્લાઓને ભાજપમય બનાવી દીધા છે, હવે કોંગ્રેસ તે જિલ્લા પાછા મેળવવા માટે હવાતિયાં મારી રહી છે. ગુજરાતમાં ૯૦ લાખની વસતીમાં આદિવાસી પ્રભુત્વ ધરાવતી ૬૦ બેઠકો પર આદિવાસી મતદારો નિર્ણાયક સાબિત થાય છે. ૨૭ બેઠકો તો આદિવાસી ઉમેદવારો માટે અનામત છે એટલે કે તેમાં બીજો કોઈ ઉમેદવાર આવી શકે તેમ નથી. બાકીની ૩૦ બેઠકોમાં આદિવાસી મતદારોને ધ્યાને લઈને ઉમેદવાર પસંદ કરવામાં આવે છે. આ પ્લાનિંગ જેનું મજબૂત હોય તે પાર્ટીને આ ૬૦ બેઠકો પર વિજય મળવો આસાન બની જાય છે. ભારતના ઈતિહાસમાં મૂળ નિવાસી આદિવાસીઓનો જૂજ ઉલ્લેખ જોવા મળે છે પણ ઈતિહાસના જાણકારો જરૂર કહેશે કે આ શૂરવીર પ્રજાએ મહારાજા રાણા પ્રતાપને કપરા સમયે મદદ કરી હતી. આખા ભારત વર્ષમાં આદિવાસી રાજાઓ હોવા છતાં આપણે ક્યાંય એમના મહેલ જોયા નથી કારણ કે તેઓ પ્રજાનું શોષણ કરતા ન હતા. ડાંગના રાજાઓને આજે પણ શાલીયાણું મળે છે, કેમકે તેમણે અંગ્રેજો સામે લડત આપીને ગુલામી સ્વિકારી ન હતી. મહેલો વગરના ભીલ રાજાઓ અંગ્રેજો સામે લડતા હતા. આ બાબત બતાવે છે કે આદિવાસીઓ કેટલા ખુદ્દાર છે. એકલવ્યનો દાખલો પણ છે કે જે જુલ્મ સામે પોતાની ખાનદાની ભૂલ્યો ન હતો.

**ચૂંટણી પર અમેરિકા સહિતના દેશોની નજર છે...**

ગુજરાતની ચૂંટણી પર સમગ્ર ભારતની જ નહીં પણ વિશ્વની નજર છે. ખાસ કરીને અમેરિકાની ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર પણ ગુજરાતની ચૂંટણીને એક અલગ અંદાજથી જુએ છે, કારણ કે જો આ ચૂંટણીમાં ભાજપની જીત થશે તો ૨૦૧૯માં નરેન્દ્ર મોદીનો વિજય આસાન બની શકે છે. અમેરિકાને ભારતમાં એક સ્થિર સરકાર જોઈએ છે, કે જેની સાથે સબંધો વધારે મજબૂત બનાવી શકે. ગુજરાતની ૧૮૨ બેઠકો આખા વિશ્વના દેશોને પરેશાન કરી રહી છે. પાટીદાર અનામત આંદોલનના પડઘા માત્ર ભારતના અન્ય રાજ્યોમાં જ નહી વિદેશોમાં પણ પડ્યા છે. આંદોલનના કન્વિનર હાર્દિક પટેલે અમેરિકામાં પણ સંપર્કો બનાવ્યા છે. તેમના ફેસબુક લાઈવ વખતે અમેરિકાથી પટેલ યુવાનો તેની સાથે જોડાઈ રહ્યાં છે. કહેવાય છે કે ડોનાલ્ડ ટ્રમ્પના કેટલાક પ્રતિનિધિઓ ગુજરાતની ચૂંટણી પર નજર રાખીને બેઠાં છે અને વ્હાઈટ હાઉસને ફિડબેક આપી રહ્યાં છે. અમેરિકા જ નહીં, જાપાન સરકાર પણ આ ચૂંટણીને ધ્યાનથી જોઈ રહી છે. એ સિવાય રશિયા, ચાઈના, પાકિસ્તાન અને યુકેની સરકાર પણ નરેન્દ્ર મોદીના કરિશ્માને જોઈ રહી છે. ગુજરાતમાં જો ભાજપને ૧૫૦ પ્લસ બેઠકો આવશે તો નરેન્દ્ર મોદીનું વિશ્વના દેશોમાં માનપાન વધી શકે છે. આ દેશોને એવી તસલ્લી થશે કે ૨૦૧૯માં ફરી પાંચ વર્ષ માટે ભાજપની સરકાર આવશે અને નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે. એથી ઉલટું જો ગુજરાતમાં કોંગ્રેસની સરકાર આવશે તો વિશ્વના દેશોમાં સમીકરણો બદલાઈ શકે છે. ગુજરાતના ભાજપ વિરોધી પરિણામોની સૌથી પહેલી અસર ૨૦૧૮માં આવતી રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ પર પડી શકે છે. મોદી માટે ૨૦૧૯ના વર્ષનું સામાન્ય ઈલેક્શન વધારે મુશ્કેલીભર્યું બની શકે છે.